# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-06-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ELECTION FINAL PHASE ELECTION

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં 57 બેઠકો માટે આજે યોજાઇ રહેલી ચૂંટણીમાં બપોરે એક વાગ્યા સુધીમાં સરેરાશ 40.09 ટકા મતદાન થયું છે.

અત્યાર સુધીમાં સૌથી વધારે 48.63 ટકા મતદાન હિમાચલ પ્રદેશમાં તો સૌથી ઓછું 35.65 ટકા મતદાન બિહાર રાજ્યમાં નોંધાયું છે. ઉપરાંત ઓડિશામાં 37.64 ટકા, પંજાબમાં 37.80 ટકા, ઉત્તરપ્રદેશમાં 39.31 ટકા, ચંદીગઢમાં 40.14 ટકા, પશ્ચિમ બંગાળમાં 45.07 ટકા અને ઝારખંડમાં 46.80 ટકા મતદાન થયું છે.

# MATGANTRI TAIYARI

રાજ્યના 25 કેન્દ્રો પર આગામી 4થી જૂને સવારે આઠ વાગ્યાથી મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં આણંદ લોકસભા મતવિસ્તારમાં બે જ્યારે અન્ય તમામ લોકસભા મતવિસ્તારના એક-એક મતગણતરી કેન્દ્રો પર એકસાથે મત ગણતરી શરૂ થશે. તમામ કાઉન્ટિંગ સેન્ટર પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે..

સમગ્ર મતગણતરી પ્રક્રિયા માટે 56 કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, 30 ચૂંટણી અધિકારી અને 180 મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. આ ઉપરાંત અંદાજે 614 વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ બેલેટ અને ઇલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે. આવતીકાલ સુધીમાં મતગણતરી માટેના તમામ ઑબ્ઝર્વર્સ ફરજ સ્થળ પર હાજર થશે. મતગણતરીના દિવસે https://results.eci.gov.in/ પર ચૂંટણીના પરિણામો જાણી શકાશે.

રાજ્યના તમામ કાઉન્ટીંગ સેન્ટર્સને કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટેલિફોન અને ફેક્સ જેવી અત્યાધુનિક સુવિધાથી સજ્જ કરવામાં આવ્યા છે... મતગણતરીની સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં મતગણતરીની તમામ તૈયારીઓ પૂરી થઇ ગઇ છે. મોટી દમણમાં ટીટીઆઇ હોલમાં મતગણતરી કરવામાં આવશે. દમણના મદનીશ ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર પ્રિયાંશુ સિંહે પત્રકાર પરિષદમાં આ માહિતી આપી હતી.

# GANDHINAGAR- CHOLERA

ગાંધીનગર જિલ્લા કલેક્ટરે જિલ્લામાં કૉલેરાના પાંચ કેસ નોંધાતા ચાર સ્થળને કૉલેરાગ્રસ્ત જાહેર કર્યા છે. આ માટે જિલ્લા કલેક્ટરે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. હાલમાં કૉલેરાગ્રસ્ત જાહેર થયેલા વિસ્તારોમાં માંસાહારી વસ્તુનું વેચાણ કરતી દુકાનો, શેરડીના રસ કેરીના રસની દુકાનો બંધ રાખવામાં આવી છે. તેમ જ આરોગ્યની ટુકડીઓએ કૉલેરાગ્રસ્ત વિસ્તારમાં તપાસ શરૂ કરી છે. આ અંગે ગાંધીનગરના R.A.C. દિગંત બ્રહ્મભટ્ટે માહિતી આપતા જણાવ્યું કે,

## (બાઈટ- દિગંત બ્રહ્મભટ્ટ)

# RTE PRAVESH

શિક્ષણ મેળવવાના અધિકાર કાયદા હેઠળ ત્રીજા તબક્કામાં વધુ એક હજાર 353 બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો છે. ત્રીજા તબક્કામાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓએ ત્રીજી જૂન સોમવાર સુધીમાં જે-તે શાળાએ શાળાના સમય દરમિયાન રૂબરૂ જઈ જરૂરી આધારપૂરાવા જમા કરાવી પોતાનો પ્રવેશ નક્કી કરાવી લેવો પડશે. જ્યારે ઉપલબ્ધ જગ્યાઓ પૈકી ત્રીજા

તબક્કાની પ્રવેશ ફાળવણી બાદ અરજદારોની પસંદગીના અભાવે સમગ્ર રાજ્યમાં ચાર હજાર 556 જેટલી જગ્યાએ ખાલી રહી છે.

# WEATHER UPDATE

રાજ્યના હવામાન વિભાગે આગામી ત્રીજી જૂન સુધી કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ધૂળના તોફાનની આગાહી વ્યક્ત કરી છે. તે દરમિયાન પવનની ગતિ અંદાજે 40 કિલોમીટર પ્રતિકલાકની રહેવાની સંભાવના છે.

રાજ્યનું તાપમાન ધીમે ધીમે ઓછું થઈ રહ્યું છે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ મહત્તમ 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદમાં તો સૌથી ઓછું 34 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કેન્દ્રશાસિત પ્રદેશ દિવમાં નોંધાયું હતું. જ્યારે ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં 42, અમરેલી, ભાવનગર અને રાજકોટમાં 41, વલ્લભવિદ્યાનગર અને બનાસકાંઠાના ડીસામાં 40, કંડલા એરપોર્ટ પર 39, કચ્છના ભુજમાં 38, કંડલા બંદર પર 37 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે અન્ય જિલ્લા અને શહેરમાં મહત્તમ તાપમાન 36 ડિગ્રી સેલ્સિયસથી ઓછું રહ્યું હતું.

ડાંગના ગિરિમથક સાપુતારામાં વાતવરણમાં પલટો આવતા ધુમ્મસ થવાથી આહ્લાદક વાતાવરણ સર્જાયુ છે.

# ACCIDENT

રાજ્યમાં અલગ અલગ થયેલા અકસ્માતમાં પાંચ લોકોના મોત જ્યારે 40થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે.

અમારા અરવલ્લીના પ્રતિનિધી અંકિત ચૌહાણ જણાવે છે કે, મોડાસામાં એસ.ટી. બસ, ખાનગી બસ અને બાઈક વચ્ચે સર્જાયેલા ટ્રીપલ અકસ્માતમાં

ત્રણનાં મોત થયા છે જ્યારે બાળકો સાહિત 30થી વધુ પ્રવાસી ઇજાગ્રસ્તથથા તમામને 108 મારફતે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલ ખાતે લવાયા હતા..

દરમિયાન, અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસ હાઇ-વે પર વડોદરા નજીક આજે થયેલા બે અલગ- અલગ માર્ગ અકસ્માતમાં એક દંપતીનું મોત થયું છે, જ્યારે 10 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.

વડોદરા નજીક આજવા ચાર રસ્તા પાસે પોતાના બે બાળકો સાથે બાઇક ઉપર જઇ રહેલા દંપતીને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા દંપતીનું મોત થયું હતું. જ્યારે ઈજાગ્રસ્ત બંને બાળકોને વડોદરાની સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ સાથે, રાજસ્થાનથી સૂરત તરફ જતી બસ રસ્તા પર ઉભેલા વાહન સાથે અથડાતાં બસમાં સવાર આઠ લોકો ઇજાગ્રસ્ત થયા હતા.